# ડીસામાં રાત્રે વાવાઝોડુ અને સવારે અમી છાંટણા

## ગરમીથી જિલ્લાવાસીઓ ભારે ત્રાહીમામ

ડીસા, તા. ૧૩

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં આવેલા પલટાથી આકાશ વાદળોથી ગોરંભાયું છે અને ભેજ તેમજ ગરમીનું પ્રમાણ વધતાં લોકો આકુળવ્યાકુળ બની રહ્યા છે ત્યારે ગતરોજ જિલ્લાના કેટલાક વિસ્તારમાં રાત્રે ૩ વાગ્યાના અરસામાં વરસાદી ઝાપટુ પડતા રસ્તાઓમાં પાણી ભરાયા હતા. સામઢી, ગઢ, કુંભાસણ, સત્લા સહિતના ગામોમાં વરસાદી ઝાપટુ પડતાં રસ્તાઓમાં પાણી ભરાયા હતાં. જ્યારે ડીસામાં રાત્રિ દરમ્યાન તેજ પવન ફુંકાયેલ વાવાઝોડાએ લોકોને ભર નિંદરમાંથી જગાડી દીધા હતાં. બાદ સવારના સુમારે સામાન્ય ઝાંપટુ પડ્યું હતું. ડીસા તેમજ આજુબાજુના ગામોમાં પણ વાવાઝોડાને કારણે અફડાતફડી મચી જવા પામી હતી. રાત્રે છુટા છવાયા ઝાપટા બાદ બુધવારના દિવસે બફારાને કારણે કાળઝાળ ગરમીનો અહેસાસ થવા પામ્યો હતો. જેના કારણે લોકોની હાલત કફોડી બનવા પામી હતી. બીજી બાજુ વરસાદી માહોલ સર્જાતા કાળઝાળ ગરમીને ગણકાર્યા વિના ખેડૂતો બાજરીના પાકને લેવાના કામમાં મંડ્યા છે. બુધવારે પણ લોકોના શરીર દઝાડે તેવી ગરમીનો અહેસાસ થવા પામ્યો હતો.

# ખેડબ્રહ્મામાં અડધો કલાકમાં એક ઈંચ વરસાદ ખાબક્યો

ખેડબ્રહ્મા, તા. ૧૩

ખેડબ્રહ્મા અને આજુબાજુના વિસ્તારમાં મંગળવારની મધ્યરાત્રીએ વરસાદે ધમાકેદાર એન્ટ્રી કરી હતી અને અડધો કલાકમાં ૨૨ મી.મી. વરસાદ ખાબક્યો હતો.

મળતી માહિતી અનુસાર ખેડબ્રહ્મા શહેર અને આસપાસના વિસ્તારોમાં દિવસભરના ઉકળાટ અને બફરા બાદ મંગળવારે મધ્યરાત્રિએ વાવાઝોડા સાથે વરસાદે જોરદાર એન્ટ્રી કરી હતી અને અડધો કલાકમાં ૨૨મી.મી. વરસાદ ખાબક્યો હતો. મંગળવારે યુજીવીસીએલના વીજ કાપને લઈ આખો દિવસ ભારે બફારાથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. મોડીરાત્રે ૧૨ થી ૧૨.૩૦ વાગ્યા દરમિયાન વરસાદ પડતા દિવસભરના બફારાથી લોકોએ રાહત અનુભવી હતી. વાવાઝોડા અને વરસાદથી તાલુકામાં કોઈપણ જાતનું નુકશાન થયું નથી તેમ જાણવા મળ્યું હતું.

# મહેસાણામાં બિન આરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થોનું વેચાણ થતુ હોવાના આક્રોશ

મહેસાણા, તા. ૧૩

મહેસાણા શહેર અને જિલ્લાના ગામોમાં ઉનાળાની ૠતુમાં સખ્ત ગરમીના કારણે કેરીના રસનો ઉપાડ ખુબ વધ્યો છે. ત્યારે આ રસની ગુણવત્તા સામે અનેક સવાલો પેદા થયા છે. લારીઓ હોટલો અને દૂકાનોમાં ખાદ્ય પદાર્થોની ચકાસણી નહી થતા શરબત, શેરડીના કોલા અને કેરીનો રસ વેચતી આવી અનેક હાટડીઓ ઠેર-ઠેર શરૂ થઈ છે.

અતિશય ગરમીને લીધે ઠંડા પીણાં તેમજ કેરીના રસના માંગ વધી છે. અને તેનો ધૂમ ઉપયોગ થઈ રહ્યો છે. જાણકારોનું કહેવું છે કે હજી બજારમાં કેરીની ધૂમ આવકો થયેલ નથી ત્યાં કેરીના રસનો કારોબાર ખૂબ વધી ગયેલ છે. કેરીનો આ રસ કેરબાઓ મારફતે લગ્ન તેમજ ધાર્મિક પ્રસંગોમાં પીરસાય છે. આ કેરીના રસની ગુણવત્તા અંગે કોઈ જ તપાસ થતી નથી. કે તેના નમૂના લઈને લેબોરેટરીમાં ચકાસણી અર્થે મોકલવામાં આવતા નથી.

કહે છે કે કેરીના રસમાં કેરીનું એસેન્સ, પપૈયું, ખાદ્ય-અખાદ્ય રંગ તેમજ અન્ય ચીજોનો ઉપયોગ થતો હોય છે. વેપારીઓ કોઈ પણ પ્રકારના ભય વિના બિન્દાસથી આવો રસ ગ્રાહકોને પધરાવે છે. જે ખાવાથી લોકોનું આરોગ્ય જોખમાય છે તેવી લોક ફરીયાદો ઉઠી છે. છુટક તેમજ જથ્થાબંધમાં વેચાતો આ રસ લાંબા સમય સુધી સ્ટોક રહેતા ઉનાળાની ૠતુમાં તે ઝડપથી બગડી જતાં ફુડ પોઈઝનીંગના કિસ્સાઓ પણ બનતા હોય છે. જેથી જવાબદારતંત્ર તેનું ચેકિંગ કે તેનો નાશ કરવાની જવાબદારી અદા કરે તે જરૂરી છે. જો આમ ને આમ આ બધુ ચાલ્યા કરશે તો ઝાડા ઉલટી જેવા રોગોનો લોકો ભોગ બહને તો નવાઈ નહી. કહે છે કે સરકારી બાબુઓના ખિસ્સા ગરમ થતા હોઈ તેઓ દ્વારા કોઈ અસરકારક પગલાં ભરાતાં નથી.

# પી.એ. પરમાર PH.D. થયા : પાટણ જિલ્લા માહિતી કચેરીનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૩

જિલ્લા માહિતી કચેરી-પાટણ ખાતે ફરજ બજાવતા શ્રી પી.એ.પરમારને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીએ એમના શોધ મહા-બંધને માન્ય રાખી PH.D.ની ડૉકટરેટ પદવી એનાયત કરી છે.

પાટણની પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજના ‑.શ્રી લલિતકુમાર એસ.પટેલના માર્ગદર્શન હેઠળ શ્રી પી.એ.પરમારે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં દલિતોનું યોગદાન અને દલિત રાજનીતિ-બૃહદ મુંબઈ -ંતના સંદર્ભમાં - ૧૯૦૫ થી ૧૯૪૭ **The Contribution of Dalits in the Indian Freedom Movement and Dalit politics - with the special reference of Greater Bombay Province - 1905 - 1947.** વિષય પર શોધ મહા-બંધ રજૂ કર્યો હતો.



શ્રી પરમાર **B.A. (History), M.A. (History), D.T.C. (drawing), G.D.A. (drawing & painting), A.M. (drawing) ±Þõ èäõ PH.D. (History)** જેવી સર્વોચ્ચ શૈક્ષણિક લાયકાતો ધરાવનાર આજીવન વિદ્યાર્થી સમાન છે. તેઓ સારા ચિત્રકાર, નામાંકિત લેખક, કવિ, વકતા અને કાર્યક્રમ ઉદ્દઘોષક છે. તેમણે ૩૫ પુસ્તકો લખ્યા છે, જે પૈકી ૩ હિન્દી ભાષામાં છે. સહલેખક અને સહસંપાદક તરીકે પણ ઘણા પુસ્તકો લખ્યા છે.

શ્રી પરમાર પાટણની પવિત્ર ભૂમિ પરથી **PH.D.**ની ડીગ્રી મેળવી આગામી દિવસોમાં ૩૦ જૂન, ૨૦૧૨ના રોજ માહિતી ખાતામાંથી નિવૃત્ત થઈ રહયા છે. નિવૃત્તિના સમયે જ શ્રી પરમારના જીવનમાં સિધ્ધિનું એક વધુ મોરપીચ્છ ઉમેરાયું છે. પાટણના નાયબ માહિતી નિયામકશ્રી એન.આર.ભગોરા,મહેસાણા-પાટણ જિલ્લાના પત્રકારમિત્રો, માહિતી પરિવાર, ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના અધિકારીઓ-કર્મચારીઓ, દલિત સમાજ વગેરેએ એમને શુભેચ્છા પાઠવી છે.



જિલ્લા કલેકટરશ્રી જે.જી.હિંગરાજીયાના અધ્યક્ષસ્થાને જમીન સંપાદન અંગેની બેઠક મળી હતી. આ બેઠકમાં અધિક કલેકટરશ્રી ડી.એ.શાહ તેમજ પાટણ જિલ્લાના વિવિધ તાલુકાના -ંત અધિકારીઓ સાથે જમીનને સ્પર્શતા વિવિધ મુદ્દાઓ વિષે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

# મિલકત વેરાના વાંધાઓ રજૂ કરવા, મુદત વધારો... : વસાહત મહામંડળની ઉગ્ર માંગ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બૂચ અને સહયોગી સભ્યોએ તાજેતરમાં કમિશનર ખરસાણની રૂબરૂ મુલાકાત લીધી હતી અને લેખીતમાં મિલકત વેરાના વાંધાઓ રજૂ કરી આ અંગેની મુદતમાં વધારો કરવા રજુઆત કરી હતી.

ગાંધીનગર મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવી ત્યારથી જ લોકોમાં કરબોજાની દહેશત હતી જ ! કર બોજો ન વધે તે માટે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા લેખીતમાં રજૂઆત પણ થઈ હતી. છતાં મિલકત પર કર લાદી મહાનગરપાલિકાએ લોકોની નારાજગી વહોરી લીધી છે. લોકોની નારાજગી અને આક્રોશને રજુ કરવા માટે ગાંધીનગર શહેર વસાહત મહામંડળનું એક પ્રતિનિધિમંડળ અરૂણ બૂચ, મયૂર વ્યાસ, સુધીર દેસાઈ અને કિશોર જીકાદરા સહીત કમિશનરની રૂબરૂ મુલાકાત ગયુ હતું અને લેખીતમાં રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે એક જ પ્રકારના, વિસ્તારના મકાનોમાં કર આકારણીમાં વિસંવાદિતાઓ થઈ ગયેલ છે, તેનું કારણ શોધવું અનિવાર્ય છે. હાઉસીંગ બોર્ડમાં બાંધેલા મકાનોના ઉપરના મજલાનાં બાંધકામના નકશાઓ હજુ સુધી કોણ મંજુર કરશે તેની સત્તા નક્કી થયેલ નથી તેથી તેમાં પણ મોટી દ્વિધાઓ છે તેનું શું ?

શહેરમાં સમાવવામાં આવેલ ૭ ગામોમાં ટેક્ષ હોલીડેની માંગણી સ્વિકારેલ છે તેવા સમાચાર છતાં આકારણી અંગે દ્વિધા ઉભી થઈ છે, જ્યાં હજુ કોઈ સરકાર કે મહાનગરપાલિકાએ ધ્યાન આપ્યું નથી, સુવિધાઓ મળી નથી, જરૂરી આવશ્યક સેવાઓ મળતી નથી અને કર વસુલી કરવી છે,તે ક્યાંનો ન્યાય ? આથી તે ગામોમાં કરવસુલાત સામે મનાઈ કરી ૧૦ વર્ષ સુધી ટેક્ષહોલીડે આપવા રજૂઆત કરી છે. અને હાલમાં વાંધા રજૂ કરવાની મુદત ૧૫ દિવસ વધારવા જરૂરી એટલા માટે છે કે, વેકેશન, અપુરતી જાહેરાતને કારણે લોકોને હજુ આ અંગે કોઈ જ માહિતી ન હોવાથી લોકોની લાગણી મુજબ સમય વધારવા પણ મહામંડળે કમિશનર સમક્ષ લેખીતમાં રજુઆત કરી છે.

# હિંમતનગરમાં મુનિ તરૂણસાગરજીનું આગમન

હિંમતનગર, તા. ૧૩

મુનિશ્રી તરૂણસાગરજી મહારાજ રાજસ્થાનથી વિહાર કરી આજે તા. ૧૪ જૂન-૨૦૧૨ને ગુરૂવારના રોજ સાંજે ૪ કલાકે મોતીપુરા હિંમતનગર ખાતે ભવ્ય મંગલ પ્રવેશ કરશે. બાદમાં તેઓનું સામૈયુ અને વાજતે ગાજતે શહેરમાં શોભાયાત્રા નિકળશે. આ કાર્યક્રમ સંદર્ભે તા. ૧૫ અને ૧૬ જૂન-૨૦૧૨ના રોજ સવારે ૮ કલાકે સાબર સોસાયટી, ગાયત્રી મંદિર રોડ, મહાવીરનગર ખાતે મહારાજનું પ્રવચન ‘કડવે પ્રવચન’ યોજાશે. તથા સાંજે ૬ કલાકે આનંદયાત્રા યોજાશે. આ ધાર્મિક પ્રવચનમાં ગૃહમંત્રી પ્રફુલ પટેલ, સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ, ધારાસભ્ય અનિલભાઈ જોષીયારા, અશ્વિનભાઈ કોટવાલ, સી.કે. પટેલ તથા જિલ્લાના અગ્રણીઓ તેમજ જિલ્લાભરમાંથી મોટી સંખ્યામાં ધર્મપ્રેમી ભાઈ-બહેનો ઉપસ્થિત રહેશે તેમ આયોજકોએ જણાવ્યું છે.

## સમસ્ત જૈન-જૈનેત્તર ભાઈ-બહેનો માટે ત્રિદિવસીય વાચનાશ્રેણીનો ૨૨મીથી પ્રારંભ

પૂજ્ય આચાર્ય દેવ શ્રીમદ્ વિજય બોધિરત્નસૂરિ, તપોરત્નસૂરિ, કુલરત્નસૂરિ તથા સૂરિરામના વિનેય મુનિશ્રી હિતરૂચિવિજયજી આદિઠાણા શ્રી દશા પોરવાડ જૈન સંઘ-પાલડી, અમદાવાદમાં ચાતુર્માસ પ્રવેશ કરી રહ્યા છે. સાથે સાથે ત્રિદિવસીય વાચનાશ્રેણીનું મંગલ આયોજન પણ કરવામાં આવ્યું છે. મુનિશ્રી હિતરૂચિવિજયજી અષાઢ સુદ-૩ તા.૨૨મી જૂન ને શુક્રવારે ચાતુર્માસ પ્રવેશ કરશે. પ્રવેશ યાત્રા સવારે ૮ કલાકે નિકળશે. તા. ૨૩ અને ૨૪મી જૂનના રોજ સવારે ૯.૩૦ કલાકે જિનવાણી શ્રવણનો સૌ ભકતજનો લાભ લઈ શકશે. આ જ દિવસોમાં સવારે ૭ થી ૮ કલાકે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાકે વાચના અને સંધ્યાભકિત સાંજે ૭.૩૦ કલાકે થશે. આ અવસરે સમસ્ત જૈન, જૈનેતર ભાઈ-બહેનોએ સગા-સ્નેહીઓ, મિત્રો સાથે પધારવા ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

# વિશ્વકર્મા પંચાલ સમાજ દ્વારા ૧૫મીએ રાહતદરે નોટ-ચોપડાનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૧૩

વિશ્વકર્મા પંચાલ સમાજ, ગાંધીનગરના પ્રમુખે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, પંચાલ સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે તા. ૧૫મી જૂન-૨૦૧૨ થી રાહતદરે નોટો તથા ચોપડાનું વેચાણ શરૂ કરવામાં આવશે. સમાજના જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને તેનો લાભ લેવા ખાસ જણાવાયું છે.

પંચાલ સમાજના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ રાહતદરે ચોપડા-નોટો લેવા હોય તો તેઓએ છેલ્લા વર્ષની વાર્ષિક પરીક્ષાના ગુણપત્રકની ઝેરોક્ષ રમેશભાઈ પંચાલ, રવિ બિલ્ડર્સ, એસ-૫, બીજે માળે, અપનાબજાર, સેકટર-૬-એ, ગાંધીનગરને અથવા મણીભાઈ પંચાલ, ૨૨૪, સહકાર કોલોની, સેકટર-૨૫, ગાંધીનગરને સવારે ૯ થી ૧૧ અથવા સાંજે ૫ થી ૭ દરમિયાન રૂબરૂ મળીને આપવી અને નોટો કે ચોપડા મેળવી લેવા.

# ગુજરાત રાજયના મેડિકલ ઓફિસર (આયુર્વેદ) એસોસિએશનના હોદ્દેદારો નિમાયા

ગુજરાત રાજયના મેડિકલ ઓફિસર આયુર્વેદ એસોસિએશનના હોદ્દેદારોની તાજેતરમાં સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે ડૉ. એસ.બી. પઠાણ, ઉપપ્રમુખ તરીકે ડૉ. પી.એલ. સાપાવાડિયા, ડૉ. ધરાબેન જાદવ, મહામંત્રી તરીકે ડૉ. બી.આર. જાડેજા મંત્રી તરીકે ડૉ. પિયુષ પટેલ, ડૉ. પી.પી. પરમાર, સંગઠન મંત્રી તરીકે ડૉ. પી.વી. પંડયા અને ખજાનચી તરીકે ડૉ. રાકેશ એન. ભટ્ટની વરણી કરવામાં આવી છે.

## મહેસાણામાં મોડી રાત્રે વરસાદી છાંટા

મહેસાણા, તા. ૧૩

અસહ્ય ગરમી અને સખ્ત ઉકળાટ બાદ ગઈરાત્રે મહેસાણા જિલ્લાના ઊંઝા સહિતના કેટલાક વિસ્તારોમાં પવનને ધુળની ડમરીઓ સાથે મોસમના સૌ પ્રથમ હળવા વરસાદના છાંટા પડ્યા હતા. મધરાત બાદ રાતના સુમારે અચાનક આકાશમાં કાળા વાદળો છવાઈ ગયા હતા અને ભારે પવન તથા ધુળની ડમરીઓ સાથે અચાનક હળવો વરસાદ પડ્યો હતો. આ સમયે કેટલાક ગામોમાં વીજપ્રવાહ બંધ થઈ ગયો હતો. હળવા વરસાદથી ગરમીથી ત્રસ્ત લોકોને થોડી રાહત થઈ હતી.

## સી.વી. ગાંધી હાઈસ્કૂલનું ગૌરવ

તલોદ, તા. ૧૩

વર્તમાન વર્ષે લેવાયેલી ધોરણ-૧૦ની પરીક્ષાના જાહેર થયેલા પરીણામમાં રણાસણ કેળવણી મંડળ સંચાલિત સી.વી. ગાંધી હાઈસ્કૂલનું પરિણામ ૭૮ ટકા આવ્યું છે. જેમાં અનુક્રમે નિકુંજ શાહ, રિદ્ધિ શર્મા અને જયદિપ પ્રજાપતિએ ઉચ્ચગુણે ઉત્તિર્ણ થઈ શાળાનું ગૌરવ વધાર્યું છે.

રણાસણ કેળવણી મંડળ સંચાલિત સી.વી. ગાંધી હાઈસ્કૂલનું ધોરણ-૧૨નું પરિણામ પણ ૯૬ ટકા આવ્યું છે. જેમાં મિતેષ ગોસ્વામી, સેજલ દેસાઈ અને હિરલ ડાભી ઉચ્ચ ગુણ મેળવી ઉત્તીર્ણ થયા છે. જે બદલ શાળાના તેજસ્વી તારલાઓને મંડળના પ્રમુખ પ્રકાશભાઈ શાહ, મંત્રી મુકુંદભાઈ સોની અને રજનીભાઈ પટેલે આવકારી બિરદાવ્યા હતા.

## શાળા પ્રવેશોત્સવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રણ દિવસ ચાલનારા આ પ્રવેશોત્સવના કાર્યક્રમો આખો દિવસ ચાલશે જેમાં અધિકારીઓ સવારના ત્રણ શાળાઓ તથા બપોરના સમયે બે શાળાઓમાં જશે.

આ પ્રવેશોત્સવ દરમિયાન ગરીબ કલ્યાણ મેળાના ૨૦૦ જેટલા લાભાર્થીઓને ટુલ કીટસનું વિતરણ પણ કરવામાં આવનાર છે. આમ આ પ્રવેશોત્સવ એ સમગ્ર જિલ્લામાં લોકોત્સવ બની રહેશે તેવો વિશ્વાસ જિલ્લાનું શિક્ષણ તંત્ર ધરાવી રહ્યું છે.

આ પ્રવેશોત્સવ દરમિયાન આંગણવાડીના બાળકો માટે રમકડાંની ખાસ કીટોનું વિતરણ પણ જે તે ગામમાં મળેલ રમકડાંની બનાવી અને કરવામાં આવનાર છે.

શિક્ષણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે જિલ્લામાં ૯૩ જેટલા કલસ્ટરો હોઈ દરેક કલસ્ટર દીઠ જુદી જુદી થીમ આધારિત આમંત્રણ કાર્ડ તૈયાર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત આ ત્રણ દિવસ દરમિયાન શાળાઓમાં ખાસ તિથી ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લામાં આ વર્ષે પ્રવેશોત્સવ દરમિયાન ૨૪૦ બાળાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવનાર છે તેવું જણાવતાં આ સૂત્રોએ જણાવ્યું છે કે તેમાં દહેગામમાં ૪૭ કલોલમાં ૧૨૭ અને માણસાની ૬૫ કન્યાઓનો સમાવેશ થાય છે.

## બઢતી મળી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અભિનંદન પાઠવ્યા હતા અને નવી કામગીરી માટેની શુભેચ્છાઓ વ્યકત કરી હતી.

ગાંધીનગર જિલ્લામાં ૧૯ નાયબ મામલતદારોની ઘટ છે અને વધુ ૪ નાયબ મામલતદારોને આજે બઢતી આપવામાં આવતાં હવે ઘટ વધીને ૨૩ની થવા જાય છે.

દરમિયાન મળતી વિગતો પ્રમાણે મહેસુલ વિભાગે તાજેતરમાં કરેલ નાયબ મામલતદારોની સીધી ભરતીમાંથી ગાંધીનગર જિલ્લાને ૧૫ જેટલા નાયબ મામલતદારોની ફાળવણી કરી છે. આ અંગેના વિધિવત હુકમો એકાદ દિવસમાં થઈ જશે. જો કે આ નાયબ મામલતદારોની તાલિમ પૂરી થયા પછી તેમને નિયમિત નિમણુંક આપવામાં આવશે.

# માણસાનું વિઘ્નેશ્વરી પરિવાર ટ્રસ્ટ બોર્ડના તેજસ્વી વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ કરશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત મા પાલઈ વિઘ્નેશ્વરી ધામ અને આનંદીમાંનો વડલો, માણસા ખાતે તા. ૧૭મી જૂન-૨૦૧૨ને રવિવારે બપોરે ૩ કલાકે માણસાની શાળાઓમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને એક ડઝન ચોપડાનું વિતરણ કરવામાં આવશે.

વિઘ્નેશ્વરી પરિવાર તેમજ જલારામ સેવા ટ્રસ્ટ માણસા દ્વારા માણસામાં આવેલી શાળાઓના ધોરણ-૧૦ અને ૧૨માં પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને અભ્યાસ માટે એક ડઝન ફૂલસ્કેપ ચોપડા આપવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન અને પ્રમુખ વક્તા તરીકે જાણીતા સાહિત્યકાર રઘુવીરભાઈ ચૌધરી તથા અતિથિ વિશેષ તરીકે સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી, માણસાના કેમ્પસ ડાયરેક્ટર પી.પી. રાઓલ ખાસ ઉપસ્થિત રહેશે. વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટના માનદ્ મેનેજીંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું છે.

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯ ૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩ ૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.) | ૯૩૭૫૦ ૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સકલુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601

જોઈએ છે - હેલ્પર
વાહન ચલાવી શકે તેવા વ્યક્તિની જરૂર છે.
ઘનશ્યામ એન્ટરપ્રાઈઝ
૩૮૬, પંજાબ નેશનલ બેંકની બાજુમાં, સેક્ટર-૧૬, ગાંધીનગર
ફોન : ૨૩૨૪૮૩૩૫
મો. : ૯૮૨૪૦ ૧૭૫૩૬

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES | APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન